# Telephone conversation between Prime Minister and H.E. Justin Trudeau, Prime Minister of Canada

June 16, 2020

## વડાપ્રધાન અને કેનેડાનાં વડાપ્રધાન મહામહિમ જસ્ટિન ટ્રુડો વચ્ચે ટેલીફોન પર વાતચીત

જૂન 16, 2020

આજે વડાપ્રધાને કેનેડાનાં વડાપ્રધાન મહામહિમ જસ્ટિન ટ્રુડો સાથે ફોન પર વાત કરી હતી.

નેતાઓએ તેઓનાં દેશોમાં કોવિડ-19 મહામારી સંબંધિત ઉદ્ભવી રહેલી પરિસ્થિતિ અંગે એકબીજાને માહિતગાર કર્યા હતા, અને આરોગ્ય અને અર્થતંત્રની કટોકટીને સંબોધવા માટે આંતરરાષ્ટ્રિય જોડાણની સંભાવનાઓ પર પણ ચર્ચા કરી હતી.

તેઓ સંમત થયા હતા કે ભારત-કેનેડા ભાગીદારી વૈશ્વિક ચર્ચામાં માનવીય મૂલ્યોને આગળ વધારવા સહિત કોવિડ-બાદનાં વિશ્વમાં એક સારું બળ બની શકે છે.

નેતાઓએ વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) સહિત બહુપક્ષીય સંસ્થાનોને મજબૂત કરવાની જરૂરીયાત પર ભાર મૂક્યો હતો અને આરોગ્ય, સામાજિક, આર્થિક અને રાજકીય મુદ્દાઓ પર વિવિધ આંતરરાષ્ટ્રિય મંચ પર નજીકથી સાથે મળીને કાર્ય કરવા સંમત થયા હતા.

વડાપ્રધાન મોદીએ કેનેડામાં ભારતીય નાગરિકોને તાજેતરનાં દિવસોમાં કેનેડાની સત્તાધિકારીતાઓ દ્વારા પ્રદાન કરવામાં આવેલી સહાયતાની અને ભારતમાં તેઓની વતન વાપસીની સુવિધા પ્રદાન કરવાની સસ્નેહ પ્રશંસા કરી હતી. વડાપ્રધાન ટ્રુડોએ તેવી જ રીતે ભારતમાંથી કેનેડાનાં નાગરિકોને પરત લાવવામાં ઑફર કરવામાં આવેલી સુવિધા પર ખુશી વ્યક્ત કરી હતી.

બન્ને નેતાઓ આવનારા દિવસોમાં તેઓનાં પારસ્પરિક પરામર્શો ચાલું રાખવા સંમત થયા હતા. તેઓ સંમત થયા હતા કે મોટા અર્થતંત્રો લોકતાંત્રિક મૂલ્યોને વરેલા હોવાથી, ભારત અને કેનેડા ઘણા વૈશ્વિક મુદ્દાઓ પર કુદરતી સંપાત ધરાવે છે.

**નવી દિલ્હી**
**જૂન 16, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.